બોલતાં જીવનો



જોસેફ બેન્જામીન



# ઈરા ડી. સેન્કી

**(ડી.એલ. મૂડીના સુરીલા સાથીદાર અને મેથડિઝમના મધુરા ગાયક - (Sweet Singer of Methodism))**

**૧૯** મી સદીના સૌથી મહાન સુવાર્તિક ગણાતા ડ્વાઈટ એલ. મૂડીની સફળતામાં ઈરા સેન્કીનો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે. બંનેનું નામ મોટે ભાગે સાથે જ લેવામાં આવે છે : મૂડી-સેન્કી. બ્રિટન અને અમેરિકામાં નોંધપાત્ર સુવાર્તિક પ્રયાસોને માટે 'ધાર્મિક જાગૃતિ લાવનારા' તરીકે મૂડી અને સેન્કી વિખ્યાત છે. સેન્કી સંગીત આપતા તથા ગીતો ગાતા અને મૂડી સંદેશો આપતા. પોતાના મધુરા ગીત-સંગીત દ્વારા તેઓ, મૂડીના સંદેશાઓ માટે ધર્મ-જાગૃતિ સભામાં એકત્ર થયેલા હજારો લોકોનાં હૃદયોને તૈયાર કરતા. ભાવુક બનેલા શ્રોતાઓ ઉપર મૂડીનો સંદેશો અચૂક અસર કરતો અને આમ લાખો લોકો પ્રભુની પાસે આવતા. અતિ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા સેન્કીએ સ્વેચ્છાએ પડછાયામાં રહીને તથા સભાઓમાં સંગીત વડે ઊંડી આત્મિકતા ભરી દઈને, ધર્મજાગૃતિ લાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો.

ઈરા ડેવિડ સેન્કીનો જન્મ ૨૮મી ઓગસ્ટ, ૧૮૪૦ના રોજ, અમેરિકાના, ન્યુ કેસલ, પેન્સીલવેનીયાની ભાગોળે આવેલા એડિનબર્ગ ખાતે થયો હતો. ઈરાના પિતા ડેવિડ સેન્કી અને માતા મેરી લીપર સેન્કી ખૂબ જ ધનવાન હતા. ડેવિડ સેન્કી લોરેન્સ કાઉન્ટીના પિતા તરીકે ઓળખાતા હતા અને વારંવાર રાજ્યની વિધાનસભામાં ચૂંટાતા હતા. તેઓ મેથડિસ્ટ ચર્ચના સભ્ય હતા અને પુષ્કળ પ્રતિષ્ઠા ધરાવતા હોવા છતાં ખૂબ જ ધાર્મિક મનોવૃત્તિ ધરાવનારા મા-બાપ હતાં.

બાળપણના મધુરા અનુભવો અને સંવાદિતા તથા આનંદમાં ઘડાયેલી કિશોર તથા પુખ્તાવસ્થાને કારણે, સુખી તથા ધાર્મિક ઘરમાં ઉછરેલા સેન્કીનું સમગ્ર વ્યક્તિત્વ, એક વિશિષ્ટ પ્રકારની મૃદુતા અને મીઠાશ ધરાવતું હતું. બાળપણથી જ તેઓ તેમના આનંદી સ્વભાવ અને ભરોસેમંદ પ્રકૃતિને લીધે અલગ તરી આવતા હતા. તેમની જાહેર સેવામાં લોકોને પોતાના તરફ આકર્ષનારી તેમની પ્રસન્ન મુખાકૃતિ કિશોરાવસ્થાથી જ તેમની એક વિશિષ્ટ લાક્ષણિકતા બની ચૂકી હતી. ગીતો ગાવાનું ઈશ્વર તરફથી મળેલું દાન તેમનામાં વિકસી રહ્યું હતું. 'દાન' એટલા માટે કારણ કે કોઈપણ પ્રકારની તાલીમ વગર તેઓ મોટાભાગનાં વાજિંત્ર વગાડી શકતા! તેમના કુટુંબના બધા જ સભ્યો ફાયર પ્લેસ પાસે

નિયમિતપણે એકત્ર થઈને, લાંબી શિયાળુ સાંજનો આખો સમય, પ્રભુમંદિરમાં ગવાતાં ગીતો ગાઈને પસાર કરતા. આ નિત્યક્રમને કારણે બાળપણમાં જ ઈરા સેન્કી સંગીતની ધૂનો (Notations) વાંચતા શીખી ગયા. આઠ વર્ષની ઉંમરે તો તેઓ ઘણાં વિખ્યાત ગીતોને, સાચી ધૂન અનુસાર ભૂલ વગર ગાવા લાગ્યા.

ફ્રેઝર નામના એક વૃદ્ધ સ્કોટિશ ખેડૂત બાળકો ઉપર પુષ્કળ પ્રેમ રાખતા. પોતાના પુત્રોની સાથે સાથે તેઓ ઈરાને પણ નિયમિતપણે સન્ડે સ્કૂલમાં લઈ જતા. ઈરાની ઉપર સૌ પ્રથમ ધાર્મિક પ્રભાવ આ કારણે જ પડ્યો હતો. ૧૮૫૬માં ૧૬ વર્ષની ઉંમરે, પોતાના ઘરથી ત્રણ માઈલ દૂર આવેલ ‘ કિંગ્સ ચેપલ ’માં ચાલી રહેલી ધાર્મિક સભાઓમાં, એક અઠવાડિયા સુધી ચાલેલા મનોમંથનને અંતે, ઈરાએ પ્રભુને પોતાનું જીવન સોંપ્યું. એક વર્ષ બાદ તેમનું કુટુંબ ન્યુ કેસલમાં સ્થાયી થયું અને સેન્કી મેથડિસ્ટ એપિસ્કોપલ ચર્ચના સભ્ય બન્યા. તેમની પ્રતિભા તરત જ સૌના ધ્યાન ઉપર આવી. તેમને સન્ડે સ્કૂલના સુપરિન્ટેન્ડેન્ટ, ક્વાયર ડાયરેક્ટર અને વર્ગ આગેવાન તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા. તેમના પિતા ન્યુ કેસલની બેંકના પ્રેસિડેન્ટ હતા અને તે બેંકમાં જ સેન્કીને પ્રથમ નોકરી મળી.



ડી. એલ. મૂડી

તે સમયે સેન્કીના પ્રભુમંદિરમાં સ્તુતિ-આરાધના ગાયન સાથે વાજિંત્રો વગાડવાની પરવાનગી નહોતી. સેન્કીએ આ સામે લડત ચલાવી અને પોતાની મંડળીમાં પ્રથમ ઓર્ગન લાવવામાં સફળ થયા. આ ક્વાયરમાં રહીને જ તેમનો અવાજ ઘડાઈને સમૃદ્ધ અને ગૂંજી ઊઠે તેવો ગુણવત્તાસભર બન્યો. આ અવાજે જ તેમને પાછળથી વિશ્વ વિખ્યાત બનાવ્યા.

૧૮૬૦માં જ્યારે રાષ્ટ્રપતિ લિંકને યુવાનોને સરકારી કાર્યોમાં જોડાવા આહ્વાન કર્યું ત્યારે, સૌ પ્રથમ જોડાનારાઓમાં સેન્કી પણ હતા. તેઓ સૈનિક તરીકે મેરીલેન્ડમાં ફરજ બજાવતા હતા. આર્મીમાં પણ તેમણે ભક્તિસભામાં ગાઈને લોકપ્રિયતા મેળવી. આર્મીની ભક્તિસભા ચલાવવામાં પણ તેઓ મદદ કરતાં. સિવિલ વોરના અંત બાદ તેઓએ ન્યુ કેસલમાં ઈન્ટરનલ રેવેન્યૂ ડિપાર્ટમેન્ટમાં ઉચ્ચ પદે થોડાં વર્ષો સુધી નોકરી કરી. ૯મી સપ્ટેમ્બર, ૧૮૬૩માં ૨૩ વર્ષની ઉંમરે પોતાના ક્વાયરની સભ્ય અને મંડળીની સન્ડે સ્કૂલ શિક્ષિકા, ફેની વી. એડવર્ડ્સ સાથે તેમણે લગ્ન કર્યા. તેમને ત્રણ પુત્રો થયા જેમાંનો એક પુત્ર સ્કોટલેન્ડમાં જન્મ્યો હતો.

૧૮૬૭માં ન્યુ કેસલમાં YMCAનું ગઠન થયું અને ઈરા તેના સેક્રેટરી બન્યા. પાછળથી તેઓએ તેના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી. ગાયક તરીકે પૂર્વ ઓહાયો અને પેન્સીલવેનીયામાં, ઈરા ખૂબ જ વિખ્યાત થઈ ગયા. વિવિધ કોન્ફરન્સ, કન્વેન્શન અને રાજકીય મેળાવડાઓમાં તેમને ગાવા માટે આમંત્રણ ઉપર આમંત્રણો મળવા લાગ્યા. તેઓ એટલા બધા ધાર્મિક સંગીત કાર્યક્રમો આપવા લાગ્યા કે તેમના પિતાએ એક વખત ટકોર કરી હતીઃ *“મને લાગે છે કે જીવનમાં ઈરા કંઈ પણ મોટી ઉપલબ્ધિ મેળવી શકશે નહીં. તે તો જ્યારે જુઓ ત્યારે બગલમાં ભજન-પુસ્તક દબાવીને આખા દેશમાં ફર્યા કરે છે.” આનો ઉત્તર આપતા ઈરાની માએ કહ્યું કે, ‘મને તો તેને બગલમાં ભજન-પુસ્તક દબાવીને ફરતો જોવો સારો લાગે છે. જો એમ ન થયું હોત તો કદાચ તે ખિસ્સામાં વ્હીસ્કીની બોટલ નાંખીને ફરતો હોત!’*

સેન્કીએ કદી પણ સંગીતને પોતાનો વ્યવસાય બનાવવા ઇચ્છયું નહોતું. પોતાની સંગીત સેવાઓ માટે અત્યાર સુધી કદી પણ તેમણે મહેનતાણું સ્વીકાર્યું નહોતું. YMCAનાં ડેલીગેટ તરીકે જૂન ૧૮૬૦માં તેમને ઈન્ડિયાનાપોલીસ ખાતે ભરાયેલા આંતરરાષ્ટ્રીય કન્વેશનમાં જવાનું થયું. ત્યાં બેપ્ટિસ્ટ ચર્ચમાં, રવિવારે વહેલી સવારની પ્રાર્થનાસભામાં મૂડી સંદેશો આપશે તેવી જાહેરાત થઈ. સેન્કીએ ધાર્મિક મેગેઝિનોમાં ડ્વાઈટ એલ. મૂડીના કામ વિષે વાંચ્યું હતું અને તેમને મળવા અને સાંભળવા ખૂબ જ ઉત્સુક હતા. સેન્કી આ સભામાં થોડા મોડા પહોંચ્યા અને એક પ્રેસ્બિટેરીઅન પાળક સાથે દરવાજા પાસે જ બેઠા. તે પાળકે તેમને સભામાં ગાવા માટે કહ્યું. યોગ્ય સમયે જ્યારે મૂડીએ ગીત ગાવામાં આવે તેમ કહ્યું, ત્યારે

## સેન્કીની સંગીતયાત્રાની ખાસ વાતો

- 'ધી નાઈન્ટી એન્ડ નાઈન'ને સેન્કીની સૌથી વિખ્યાત સ્વર રચના ગણવામાં આવે છે. એક વાર જ્યારે સેન્કી અને મૂડી, ગ્લાસગોથી એડિનબર્ગની રેલયાત્રા કરી રહ્યા હતા ત્યારે રેલવે સ્ટેશન ઉપરના સ્ટોલમાંથી સેન્કીએ એક પેનીમાં એક છાપું અમેરિકાના સમાચાર વાંચવા મળશે તે અપેક્ષાએ ખરીદ્યું. છાપામાં રસ પડે તેવા કોઈ જ સમાચાર નહોતા પણ એક ખૂણે એક નાનું કાવ્ય હતું, જે ગમી જતાં તેમણે તેના શબ્દો મૂડીને વાંચી સંભળાવ્યા. મૂડીએ કંઈ ખાસ પ્રતિભાવ આપ્યો નહીં આથી સેન્કીએ કાવ્યનો ભાગ છાપામાંથી કાપી લઈને પોતાના ખિસ્સામાં મૂકી દીધો. બીજા દિવસે મૂડીએ 'ભલા ભરવાડ' ઉપર સંદેશો આપ્યો અને કોઈ છેલ્લું ગીત હોય તો તે ગાવા સેન્કીને કહ્યું. સેન્કીને પોતાની અંદરના અવાજે ટ્રેનમાં મળેલું પેલું ગીત ગાવા માટે પ્રેરણા કરી. આ ગીતને તો હજી તેમણે સ્વરબદ્ધ પણ નહોતું કર્યું તો પછી તેને ગાવાની તો વાત જ ક્યાં હતી? તેમ છતાં જાણે અગાઉ એક હજાર વાર તે ગીત તેમણે ગાયું હોય તેમ તેમણે તેની કાપલી ઓર્ગન ઉપર મૂકી. સર્વશક્તિમાન પરમેશ્વરને હૃદયના ઊંડાણથી ટૂંકી પ્રાર્થના કરીને તેમણે કી-બોર્ડ ઉપર પોતાના હાથ મૂક્યા અને 'છ ફ્લેટ કોર્ડ' (સૂર) વગાડ્યા. અડધું બોલતા અને અડધું ગાતા તેમણે પહેલો ફકરો પૂરો કર્યો. ત્યારબાદ બીજા ચાર ફકરા ગાયા. ગીતના અંતે આંખોમાં આંસુ સાથે મૂડીએ સેન્કીને પૂછ્યું "એ ગીત તમને ક્યાંથી મળ્યું?"
- તત્કાલ સ્વયંસ્ફુર્ણાથી રચાયેલી આ ધૂન સેન્કીની સૌથી લોકપ્રિય સંગીત રચના સાબિત થઈ. તેના શબ્દો એલીઝાબેથ ક્લેફાન દ્વારા ૧૮૬૮માં લખવામાં આવ્યા હતા. ખ્રિસ્તી વિશ્વને તેમણે કેટલી મહાન ભેટ આપી છે તેની પ્રતીતિ કર્યા વગર જ ૧૮૬૯માં એલીઝાબેથનું મૃત્યુ થયું. આ ઐતિહાસિક ગીતનો અનુવાદ દુનિયાભરની ભાષાઓમાં થયો છે, પરંતુ ભજનસંગ્રહમાં દુનિયાનાં શ્રેષ્ઠ ગીતોમાંનું એક કહેવાય છે તેવા આ ગીતનો સમાવેશ કરાયો નથી.
- વી. જે. ચાર્લ્સવર્થ દ્વારા લખાયેલું ગીત, 'અ શેલ્ટર ઈન ધ ટાઈમ ઓફ સ્ટોર્મ', પોસ્ટમેન નામના લંડનના એક છાપામાંથી સેન્કીને મળ્યું હતું. ઈંગ્લેન્ડના માછીમારોમાં આ ગીત ખૂબ જ લોકપ્રિય થયું.
- ભજનસંગ્રહમાં જે ગીતોનું અંગ્રેજી રાગની માહિતીમાં S.S. (Sacred Songs and Solos) લખ્યું છે, તે તમામ ગીતોની સ્વરચના ઈરા સેન્કીએ કરી છે. ગુજરાતીમાં અનુવાદ થયેલા તથા જેની મૂળ સ્વરરચના સેન્કીએ કરી છે તે ગીતોના નંબર નીચે પ્રમાણે છે:

  ૧૪૧, ૧૪૫, ૧૬૦, ૧૬૪, ૨૦૨, ૨૧૭, ૨૨૨, ૨૩૭, ૨૩૯, ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૬૧, ૨૬૩, ૨૭૦, ૨૭૧, ૨૭૩, ૨૮૦, ૨૯૨, ૨૯૫, ૩૧૧, ૩૧૯, ૩૪૦, ૩૪૨, ૩૪૬, ૩૫૩, ૩૫૬, ૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૬૭, ૩૭૫, ૩૭૬, ૩૮૭, ૩૯૯, ૪૦૨, ૪૧૬, ૪૭૭, ૪૯૫.

સેન્કીએ 'ફાઉન્ટેન ફીલ્ડ વીથ બ્લડ' એ ગીત ગાયું. સભાએ એક નવો જ ઉત્સાહ અનુભવ્યો. સભાના અંતે સેન્કી અને મૂડીની મુલાકાત થઈ. મૂડીએ તેમને થોડા ટૂંકા સવાલો કર્યા. "તમે શું કામ કરો છો?" તેમ પૂછતાં સેન્કીએ જણાવ્યું કે પોતે સરકારી અધિકારી છે. મૂડીએ તેમને સીધું જ કહ્યું : "તમારે એ નોકરી છોડી દેવી પડશે! હું છેલ્લાં આઠ વર્ષથી તમને શોધી રહ્યો છું." સેન્કીને રસ પડ્યો, પરંતુ તરત કોઈપણ નિર્ણય લેવાની તેમની તૈયારી નહોતી, મૂડીએ સેન્કીને પોતાના સુવાર્તિક કાર્યમાં જોડાવાની ઓફર કરી તે વિષે સેન્કી કહે છે કે : *"મૂડી સાથે જોડાવા માટે મારો જવાબ હા હશે તેવું મને જરાપણ લાગ્યું નહીં. ખૂબ જ સારા પગારવાળી નોકરી છોડવી, કુટુંબથી વિખૂટા પડવું અને અજાણ્યાં શહેરોમાં ફરવા વિષેનો નિર્ણય લેવો તે કાંઈ નાની-સૂની વાત નહોતી."*

મૂડીએ તેમને બીજા દિવસે નજીકની ગલીના નાકે સાંજના સમયે મળવા માટે જણાવ્યું. મૂડીએ એક મોટું ખોખું ગોઠવીને તેની ઉપર ચડીને ગાવા માટે સેન્કીને વિનંતી કરી. સેન્કીએ ('Am I a Soldier of the Cross') ગાવાનું શરૂ કરતાં આજુબાજુની મિલોમાંથી કામદારોનું મોટું ટોળું એકત્ર થઈ ગયું. મૂડીએ સંદેશો આપવાનું શરૂ કર્યું. સભાના અંતે મૂડીએ જાહેર કર્યું કે આ સભા તેઓ ઓપેરા હાઉસમાં ચાલુ રાખશે. હકડેઠઠ

ભરાયેલા ઓપેરા હાઉસની તે સભાને સેન્કીએ (Shall We Gather at the River) ગીતમાં દોરી.

મૂડીએ છૂટા પડતી વખતે સેન્કીને શિકાગો ખાતે પોતાની સાથે એક અઠવાડિયું ગાળવાનું આમંત્રણ આપ્યું. આ સમય ગાળવાની અનુમતિ આપવામાં સેન્કીએ છ મહિનાનો સમય લીધો. શિકાગોની તેમની મુલાકાતના છેલ્લા દિવસે ફારવેલ હોલમાં ભરાયેલી મોટી માનવમેદની સમક્ષ સેન્કીએ 'કમ હોમ પ્રોડિગલ ચાઈલ્ડ' ગાયું! અદ્‌ભુત પ્રતિસાદના પગલે સેન્કીએ નિર્ણય લીધો અને પોતાનું રાજીનામું દેશના નાણાં સચિવને મોકલી આપ્યું. આમ મૂડીના સાથી સેવક તરીકે વિશ્વાસમય જીવન જીવવાની શરૂઆત થઈ. જ્યારે શિકાગોની ભયાનક આગ ફાટી નીકળી ત્યારે સેન્કી ફારવેલ હોલમાં ગાઈ રહ્યા હતા. ચમત્કારિક રીતે આ આગમાંથી તેમનો બચાવ થયો અને તેઓ થોડા સમય માટે પોતાને ઘેર પરત ફર્યા. જ્યારે મૂડીએ કામચલાઉ પ્રભુમંદિર બાંધ્યું ત્યારે તે લગભગ કાચા મકાનમાં એક ખૂણામાં મૂડી અને સેન્કીએ નાની પથારીમાં સાથે સૂઈ રહેવું પડતું. મૂડીએ નાણાં ઊભાં કર્યાં અને નવા પ્રભુમંદિરનું અર્પણ કરવામાં આવ્યું.

૧૮૭૨ના ઓક્ટોબર મહિનામાં સેન્કીએ પોતાના પરિવારને શિકાગો બોલાવી લીધો. તે વર્ષમાં મૂડી ઈંગ્લેન્ડ ગયા ત્યારે સેન્કીએ શિકાગોમાંનું સઘળું કાર્ય કુશળતાથી ચલાવ્યું. જ્યારે મૂડી પરત ફર્યા ત્યારે તેઓ બંનેએ ભેગા મળીને અગાઉ કરતાં વધુ જોશથી કાર્ય કર્યું. સ્પ્રીંગફિલ્ડ, ઈલીનોઈ ખાતે ભરવામાં આવેલી સુવાર્તિક સભાઓમાં અકલ્પ્ય સામર્થ્ય તથા આશિષનો અનુભવ થયો. ઈશ્વરની અદ્‌ભુત કૃપામાં ૧૯મી સદીના સૌથી મહાન સુવાર્તિક ગણાતા ડી. એલ. મૂડીને ઈરા ડેવિડ સેન્કી જેવો ગાયક-સંગીતકાર પૂરો પાડવામાં આવ્યો. પ્રભુ ઈસુ દ્વારા મોકલવામાં આવેલા પ્રથમ શિષ્યોની માફક, આ બંને સેવકો સંગતમાં બે પણ આત્મામાં અને હૃદયથી એક બનીને, આ જગતના પાકને લણવા માટે મહેનત કરવા સારુ નીકળી પડ્યા! મૂડી ખૂબ વિષમ આર્થિક પરિસ્થિતિ અને સંજોગોમાંથી આવેલા અને સ્વ-નકાર કરીને પ્રભુને માટે બહાર પડ્યા હતા. સેન્કી સુખી-સંપન્ન પરિવારના નબીરા અને ઉચ્ચ હોદ્દાને છોડીને આવેલા હતા. વ્યક્તિગત રીતે આ બંનેની તાલીમ અને ઉછેર એકબીજા કરતા તદ્દન વિરુદ્ધ રીતે થયા હતા. તેમછતાં, આ વિરોધાભાસોને તેમના સ્વામીએ સેવાને અર્થે ડહાપણભરી રીતે ગોઠવ્યા હતા અને અદ્‌ભુત ઉપયોગ કર્યો હતો.

બંનેએ પોતપોતાનાં કુટુંબોને સાથે લઈને ૧૮૭૩-૭૫ દરમ્યાન, સમગ્ર બ્રિટનમાં ધર્મજાગૃતિની વિશ્વવિખ્યાત સભાઓ ભરી. રૂઢિગત માન્યતાઓ ધરાવતા બ્રિટનના ખ્રિસ્તીઓએ સેન્કીના પોર્ટેબલ ઓર્ગનના ઉપયોગ સામે મોં મચકોડ્યા. બ્રિટન અને સ્કોટલેન્ડમાં ગીતશાસ્ત્રના ગીતો માટે જ સંગીતનો ઉપયોગ કરવામાં આવતો હતો. પોતાના સંગીતનો, વાદ્યોનો, ગાયનના પ્રકારનો અને ગીતોનો સ્વીકાર આ દેશ કરે તે માટે શરૂઆતમાં સેન્કીએ ૧૦૦માં ગીતનો એક ભાગ ગાવા માટે સભાજનોને આમંત્રણ આપ્યું. ત્યારબાદ તેમણે એકલાએ 'જીસસ ઓફ નાઝરેથ પાસેથ બાય' ગાયું. આખી સભામાં નિરવ શાંતિ પથરાઈ ગઈ અને સુવાર્તા રજૂ કરવાની સેન્કીની આ અવનવી પદ્ધતિને તથા તેમના ઓર્ગનને સ્વીકૃતિ મળી ગઈ.

૧૮૭૩માં સ્કોટલેન્ડમાં પણ ઝુંબેશનો પ્રારંભ થયો. લગભગ ત્રણ વર્ષ સળંગ ચાલેલી આ દેશવ્યાપી સભાઓની ચરમસીમા ૧૮૭૫ની ગ્રેટ લંડન ક્રૂસેડ હતી.

અમેરિકા પરત ફર્યા બાદ ૧૪ ઓગસ્ટ, ૧૮૭૫માં તેમની પ્રથમ સભાઓ નોર્થફિલ્ડ, માસાચ્યુસેટસ્ ખાતે ભરાઈ. આ સભામાં મૂડીની માતાએ પોતાનું તારણ જાહેર કર્યું. સેન્કીએ અમેરિકામાં સૌ પ્રથમવાર પોતાનું વિખ્યાત ગીત 'ધી નાઈન્ટી એન્ડ નાઈન' ગાયું.

સુવાર્તિક ઝુંબેશોની હારમાળાઓ સર્જાઈ. બ્રુકલીનની ૧૮૭૫ની સભામાં સેન્કીએ પોતાના ક્વાયરમાં ૨૫૦ લોકોના અવાજનો તથા મહાકાય ઓર્ગનનો ઉપયોગ કર્યો. ફિલાડેલ્ફીયામાં ૫૦૦ અવાજોને અને ન્યૂયોર્ક (૧૮૭૬)માં ૬૦૦ ગાયકોના ક્વાયરને સેન્કીએ દોર્યા. આટલા મોટા ક્વાયર અને વાજિંત્રો હોવા છતાં સેન્કી પોતાના સોલો ગીતમાં હંમેશાં એકમાત્ર નાના ઓર્ગનનો જ ઉપયોગ કરતા.

સેન્કીના પ્રથમ ભજનોનો સંગ્રહ 'સેકરેડ સોંગ્સ એન્ડ સોલોસ' (Sacred Songs and Solos),

૧૮૭૩માં ઈંગ્લેન્ડમાં પ્રસિદ્ધ થયો હતો. ત્યારબાદ ‘ગોસ્પલ હિમ્સ’ (Gospel Hymns)ની શ્રેણીનાં એકથી છ ભાગ, ૧૮૭૫ અને ૧૮૯૧ દરમિયાન બહાર પડ્યા. પોતાના એક ખૂબ જ સારા ગીતકાર-સંગીતકાર મિત્ર પી. પી. બ્લીસની મદદથી તેમણે ‘ગોસ્પલ હિમ્સ’નો બીજો ભાગ બહાર પાડ્યો. આ સંગ્રહોનાં સેંકડો ગીતો હજી પણ એટલા જ ભાવપૂર્વક ગવાય છે. અનેક ભાષામાં લાખો નકલો વેચાઈ ગઈ. આ પુસ્તકોની રોયલ્ટીની રકમ જો પોતાને માટે રાખી હોત તો સેન્કી અતિ ધનવાન બની ગયા હોત. પરંતુ, તેમ ન કરતાં તેમણે મોટા ભાગની રકમ મૂડીની શૈક્ષણિક સંસ્થાઓમાં દાન કરી દીધી. ન્યુ કેસલ YMCAને તેમણે જીમ્નેશિયમ તથા સ્વિમિંગ પુલ સહિતનું એક મોટું બિલ્ડિંગ પણ બનાવીને ભેટ આપ્યું.

સેન્કી અને તેમનું કુટુંબ નોર્થ ફિલ્ડમાં ઉનાળો ગાળતા ત્યારે તેમની સાથે વિશ્વવિખ્યાત અંધ ગીતકાર ફેની ક્રોસ્બી પણ વેકેશન ગાળવા આવતાં. સેન્કી કુટુંબ સાથે ફેની ક્રોસ્બીને ગાઢ સંબંધ રહ્યો હતો અને તેમણે સાથે કેટલાંક વેકેશનો ગાળ્યાં હતાં.

૧૮૯૮મા મિત્રો સાથે પવિત્ર ભૂમિની મુસાફરી બાદ ૧૮૯૯માં બ્રિટનનાં ૩૦ શહેરોમાં સુવાર્તાની સભાઓનું આયોજન કર્યું. આ સભાઓમાં તેમને પુષ્કળ શ્રમ કરવો પડ્યો અને તેમની તંદુરસ્તી એટલી હદે લથડી ગઈ કે તેમણે પોતાની દૃષ્ટિ ગુમાવી દીધી.

૧૮૯૯નાં અંત સુધી મૂડી અને સેન્કીએ સાથે કામ કર્યું. ૬ઠ્ઠી નવેમ્બર, ૧૮૯૯ના રોજ મૂડીએ સેન્કીને છેલ્લો પત્ર લખ્યો. ત્યારબાદ થોડા જ સમયાં તેઓ મૃત્યુ પામ્યા. સેન્કીએ થોડા સમય સુધી પવિત્ર સંગીત અને સુવાર્તાની સભાઓ ચાલુ રાખી.

૧૯૦૩માં તેઓ સંપૂર્ણ અંધ બની ગયા. જીવનના છેલ્લાં પાંચ વર્ષો તેમણે બ્રુકલીન, ન્યુયોર્કની સાઉથ ઓક્સફોર્ડ સ્ટ્રીટ ખાતે આવેલા ઘરમાં ગાળ્યાં. ખૂબ જ અશક્ત હોવા છતાં તેમણે ધીરજનો મધુર જુસ્સો જાળવી રાખ્યો અને છેવટ સુધી તેમનું મગજ સ્વસ્થ હતું. તેમના મિત્રો તેમને તેમની આ એકલતામાં સંગત આપતા તથા ખુશમિજાજ રાખતા. પણ એ બધા જ મિત્રોમાં ફેની ક્રોસ્બીની સંગત તેમને માટે છેલ્લા આશીર્વચન સમાન સાબિત થઈ. ફેની અને સેન્કી બંને અંધ મિત્રો ગીતો ગાતા, પ્રાર્થના કરતા અને વૃદ્ધાવસ્થાના આ તકલીફભર્યા સમયોમાં એકબીજાને સાંત્વન આપતા. પોતે જે પ્રભુને માટે પુષ્કળ માન ધરાવતા હતા તે પ્રભુને અને ડી. એલ. મૂડી સહિત અન્ય પ્રિયજનોને થોડા જ સમયમાં તેઓ મળવાના છે, તે આશામાં બન્ને મિત્રો ખૂબ જ આનંદિત સમય પસાર કરતા. સેન્કીના ‘માય લાઈફ’ અને ‘સ્ટોરી ઓફ ગોસ્પલ હિમ્સ’ નામનાં પુસ્તકો ૧૯૦૬માં બહાર પડ્યાં.

કોઈપણ સંઘર્ષ વગર ઊંઘમાં જ, ૧૩મી ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ સેન્કીએ આ જગતમાંથી વિદાય લીધી. પાછલાં વર્ષોમાં તેઓ જે મંડળીના સભ્ય બન્યા હતા તે, ‘લા ફાયેટ્ એવેન્યૂ પ્રેસ્બિટેરિયન ચર્ચ’માં તેમની દફનક્રિયાની સભા ભરાઈ જેમાં તેમનાં વિખ્યાત ગીતો ગવાયાં. સ્થાનિક ગ્રીનવુડ સીમેટરીમાં તેમની કબર ઉપરના શિલાલેખમાં સંગીતની સંજ્ઞાની ઉપર ‘ગુડ નાઈટ’ અને નીચે ‘ગોડ ઈઝ લવ’ શબ્દો કોતરવામાં આવ્યા છે.

કોને ખબર છે કે કદાચ ઈન્ડિયાનાપોલીસની ૧૮૭૦ની એ સભા કે જેમાં મૂડી અને સેન્કીની પ્રથમ મુલાકાત થઈ અને ઈશ્વરે બંનેની સેવાઓને એક કરી તે સેન્કી નહીં પણ મૂડીને માટે વધુ લાભદાયી નિવડી !✍

**જોસેફ બેન્જામીન**


આપના બાળકો માટે
સુયોગ્ય અને આદર્શ પાત્રો
મેળવવા માટે શ્રેષ્ઠ વિકલ્પ એટલે...

**ગુજરાતી ક્રિશ્ચિયન્સ**

**મેટ્રીમોનિયલ જાહેરાત**

- સંપૂર્ણપણે ખાનગી
- અલાયદો બોક્ષ નંબર
- વિશાળ પસંદગી

**જાહેરાતનો ચાર્જ:**
**રૂા. ૧૨૦૦/-**